**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.બીજા એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં,**
**મુ. અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.: ૬૭૦૧/૨૦૨૪**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપી:** **૧)ઈકબાલભાઈ ઈસ્માઈલભાઈ વોરા**
**૨) મોઈન બાદરભાઈ શેખ**
**૩) મુશરફભાઈ મોહંમદખાન પઠાણ**
**૪) ઈમરાનખાન મોહંમદઉમર પઠાણ**

**ગુન્હો : જુગાર ધારા કલમ ૧૨ મુજબ.........**

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. ૩૦/૫/૨૦૨૩ ના રોજ ઉપરોકત આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પુર્ણ કરી આ અદાલતમા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ જુગાર ધારા કલમ ૧૨ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. આરોપીએ પ્રથમ તબકકે ગુન્હા અંગે કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને **જુ.ધા.૧૨** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છિક રીતે કરેલ છે અને તેમજ ફરી વખત આવો ગુન્હો નહીં કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની ખાતરી આપતાં હોવાથી આરોપીને સુધારવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતાં, આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**ઉપરોકત આરોપીને** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૫૨ અન્વયે જુ.ધા.૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૨૦૦/- અંકે રૂા. બસો પુરા અને કુલે આરોપીને રૂા. ૮૦૦/-અંકે રૂા. આઠસો પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ રોકડ નાણાં સરકાર ખાતે ખાલસા કરવા તેમજ મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ મોબાઈલ ફોન અને વાહન અંગે જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો હોય તો વચગાળાનો હુકમ કાયમ કરવો અને જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો ન હોય તો મુદામાલ મોબાઈલ ફોનનાં બીલના આધારે તથા વાહનની માલિકીની યોગ્ય ખરાઈ કરી માલીકીના પુરાવા રજુ કર્યેથી મૂળ માલિકને પરત સોંપવા તેમજ દર્શાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ જાહેર કર્યો.

તારીખ: ૯/૩/૨૦૨૪
સ્થળ: અમદાવાદ

(એમ.ડી.વીરાણી)
બીજા એડી.જયુ.મેજી. ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય)
જજ કોડ જી.જે.૦૧૩૬૨